ગુજરાત સમાચાર
Last Update : 13 November, 2015 11:25 PM






# એક પણ દિવસ એવો નથી કે મેં અમદાવાદને યાદ ન કર્યુ હોય

### ફાધર વાલેસની ૯૦મી વર્ષગાંઠ નિમિત્તે સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં ફાધર વાલેસની વિડિયો કોન્ફરન્સ યોજાઇ



નમસ્તે કેમ છો અમદાવાદીઓ...હું ભલે અત્યારે સ્પેનથી બેઠો તમારી સાથે વાત કરી રહ્યો છું. પરંતુ મિત્રો મારું મન, મારું હૃદય ત્યાં ગુજરાતમાં અને અમદાવાદમાં છે.

સાચું કહું એક પણ દિવસ અહિંયા સ્પેનમાં એવો રહ્યો નથી કે મેં અમદાવાદને યાદ ન કર્યુ હોય. આ શબ્દો છે, ગુજરાતી સાહિત્ય રત્ન, વિદેશી નાગરિક ફાધસ વાલેસના.

જેમણે સેન્ટ ઝેવિયર્સ કોલેજ ખાતે ફાધર વાલેસના ૯૦મા જન્મદિવસે સ્પેનથી યોજાયેલા લાઈવ કોન્ફરન્સમાં આ વાત કહી હતી.



૪ નવેમ્બર કાર્લોસ જોસેફ વાલેસની ૯૦મી વર્ષગાંઠ હતી. જેની ઉજવણી ફાધરના મૂળ વતન સ્પેનથી લઈને ફાધર વાલેસની કર્મભૂમિ ગુજરાતમાં હર્ષોલ્લાસ સાથે તેમના ચાહકો, સાહિત્ય રસિકો દ્વારા કરવામાં આવી હતી.

આ પ્રસંગે સ્પેનના મેડ્રિડથી ખાસ લાઈવ વિડિયો કોન્ફરન્સમાં ફાધરના મિત્રો, મેડ્રિડમાં રહેતા ગુજરાતી લોકો અને મેડ્રિડ યુનિવર્સિટીના પ્રોફેસરો જોડાયાને ફાધર સાથેના અનુભવો શેર કર્યા હતા.

ફાધર વાલેસ ૧૯૪૯માં ભારત આવ્યા બાદ તેમણે ૧૯૫૩માં મદ્રાસ યુનિવર્સિટીમાંથી સ્નાતકની ડિગ્રી મેળવી હતી. ત્યાર બાદ તેઓ વલ્લભવિદ્યાનગર અને પછી ૧૯૫૮માં અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં ગણિતના પ્રાધ્યાપક તરીકે જોડાયા હતા. એક ઉત્તમ શિક્ષક હમેશા વિદ્યાર્થીની જેમ જયા પણ સારુ શીખવા મળે ત્યા શીખવા લાગી જતો હોય છે.

ફાધર વાલેસમાં પણ વિદ્યાર્થી માફક શીખવાની વ્યક્તિ વિશેષ લાક્ષણિકતાઓ હતી. ફાધર વાલેસ ગુજરાતી ભાષાના એવા રંગે રંગાયા કે તેઓ ગુજરાતી માત્ર શીખ્યા નહી પણ ગુજરાતી ભાષામાં સુંદર સાહિત્ય સર્જન પણ કર્યુ.

ગુજરાતી ભાષામાં ૨૫થી વધારે પુસ્તકો લખનારા ફાધર વાલેસ ગુજરાતી સાહિત્ય જગતના અમુલ્ય રત્ન છે.તેઓ હાસ સ્પેન પોતાના મૂળ વતનમાં રહેતા હોવા છતાં ગુજરાતના સસ્મરણો હમેશા યાદ રાખે છે.

### શબ્દલોક મારૂં સૌથી પ્રિય પુસ્તક છેઃ ફાધર

ગુજરાતી સાહિત્ય વિશે વાત કરતા ફાધર વાલેસે કહ્યું કે ગુજરાતી ભાષા શીખ્યા પછી મને તેમાં વધારે જાણવાની, વધારે મનોમંથન કરવાની ઈચ્છા થઈ આથી મેં ગુજરાતી ભાષાનો અભ્યાસ શરૂ કર્યો. જે દરમિયાન મેં ગુજરાતી ભાષામાં અનેક પુસ્તકો લખ્યા પણ મારા ગુજરાતી ભાષામાં લખાયેલા તમામ પુસ્તકોમાં સૌથી પ્રિય પુસ્તક શબ્દલોક છે.

### ફાધર વાલેસ ગણિતના લેકચર ગુજરાતી ભાષામાં લેતા

ફાધર વાલેસ સાથે પ્રોફેસર તરીકે સેન્ટ ઝેવિયર્સમાં ફરજ બજાવનાર એસી.બી. નાયક કહે છે કે એ સમયે હુ એમએસસી વિષયમાં ભણાવતો હતો.૧૯૫૮માં સેન્ટ ઝેવિયર્સના પ્રિન્સિપાલ ફાધર ડિસોઝાએ અમને તમામ પ્રાધ્યાપકોને ભેલા કરી એક વિદેશી નાગરિક ફાધર વાલેસનો અમારી સાથે પરિચય કરાવ્યો હતો ત્યારબાદ એક વિદેશી નાગરિક ગુજરાતી છોકરાઓને કેવી રીતે ભણાવે છે તે જોવા અમે ફાધર વાલેસ લેકચર લેતા ત્યારે ક્લાસની બહાર ઉભા રહેતા.

પરંતુ ફાધર જ્યારે એક વિદેશી હોવા છતાં સ્ટુડન્ટસને ગણિત વિષય ગુજરાતીમાં ભણાવતા ત્યારે અમે સ્તબ્ધ થઈ જતા. ખરેખર ફાધર જેવા સાહિત્ય રત્ન ગુજરાતને મળ્યા તે ગુજરાતના અહો ભાગ્ય છે.

### ગુજરાત સમાચાર મારૂં ઘર હતું

વિડિયો કોન્ફરન્સમાં ફાધર સાથે થયેલી પ્રશ્નોતરીમાં જ્યારે ફાધરને ગુજરાત સમાચારની રવિપૂર્તિમાં લખેલી પોતાની કોલમ વિશે પૂછવામાં આવ્યુ ત્યારે ચહેરા પર સ્મિત સાથે ફાધરે જણાવ્યુ હતુ કે 'ગુજરાત સમાચાર મારૂં ઘર છે'. મને આજે પણ યાદ છે કે ગુજરાત સમાચારના તંત્રી દ્વારા મને કોલમ લખવા માટે ગુજરાત સમાચાર આમંત્રિત કર્યો હતો.

જ્યારે હું ગુજરાત સમાચારના તંત્રી સાથે મેં વાત કરી તો અમને મને પૂછયું કે તમે ગુજરાત સમાચારમાં શુ લખશો?.ત્યારે મે અમને કહ્યું કે તમે જે વિષય કહેશો તેના પર હું લખીશ.

એ પછી મે ગુજરાત સમાચારની રવિપૂર્તિમાં ૩૦ વર્ષ સુધી લખ્યું. મારા ૩૦ વર્ષના સમયગાળા દરમિયાન ગુજરાત સમાચાર પ્રત્યે મારી આત્મિયતા એટલી વધી ગઈ કે આજે પણ ગુજરાત સમાચાર મારા ઘર જેવુ છે.

### અમદાવાદ શહેરની પોળમાં ફાધર ૧૦ વર્ષ સુધી ફર્યા

૧૯૫૮માં ફાધર વાલેસ જ્યારે સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં ગણિતના પ્રોફેસર તરીકે જોડાયા ત્યારે તમણે આત્મમંથન અને ગુજરાતી અસ્મિતાને જાણવા માટે સૌ પ્રથમ પોળમાં ગયા હતા. તેઓ પોળમાં રહેતા હતા. ફાધર વાલેસ ૧૦ વર્ષ સુધી અમદાવાદની વિવિધ પોળમાં ફર્યા હતા.

તેમાં પણ ફાધર વાલેસ છીપાઈની પોળમાં ઘણો સમય વિતાવ્યો હતો. તેઓ પોળમાં ભોમિયાની માફક ફરતા હતા.